અપીલ અરજી નં.૨૧૬ તા.૧૧–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી ધોન્ડુરામ શ્રાવણ બોકડે
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધોન્ડુરામ શ્રાવણ બોકડેની તા.૨૯–૩–૧૦ અરજીથી પ્લોટ નં.૧૦૭ ટેના. નં.૨૬બી–૩૧–૫૦૭૧–૦–૦૦૧ કોના નામ ઉપર છે તથા બાંધકામ કરેલ છે કે ઓપન પ્લોટ છે તેની તથા તા.૯–૯–૧૦ ની અરજીથી બીઆરસી લો નં. ૧૧૦ તેમજ ટાવર હેડલાઈન નીચે પ્લોટ નંબર સાથે કેટલા મકાન કપાતમાં છે અને ગણેશનગરમાં આવેલ ટાવર તથા હેડ લાઈન નીચે ડીંડોલી, કેટલા મકાન કપાતમાં છે તે નંબર સાથેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૧–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૬/૨૦૧૦–૧૧

શ્રી ધોન્ડુરામ શ્રાવણ બોકડેની આઈ ડી નં. ૫૩૭ તા.૨૯–૩–૧૦ અરજીથી પ્લોટ નં.૧૦૭ ટેના. નં.૨૬બી–૩૧–૫૦૭૧–૦–૦૦૧ કોના નામ ઉપર છે તથા બાંધકામ કરેલ છે કે ઓપન પ્લોટ છે તેની તથા આઈ ડી નં.૨૨૨ તા.૯–૯–૧૦ ની અરજીથી બીઆરસી લો નં. ૧૧૦ તેમજ ટાવર હેડલાઈન નીચે પ્લોટ નંબર સાથે કેટલા મકાન કપાતમાં છે અને ગણેશનગરમાં આવેલ ટાવર તથા હેડ લાઈન નીચે ડીંડોલી, કેટલા મકાન કપાતમાં છે તે નંબર સાથેની માહિતી આપવા બાબતે આપેલ માહિતી ખોટી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરનેતા.૧૧–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧૫ તા.૧૫–૧૦–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને અપીલ અરજીમાં તા.૨૯–૩–૧૦ તથા તા.૯–૯–૧૦ ની મુળ અરજીમાં કઈ તારીખની અરજી અંગે અપીલ કરેલ છે જે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. તથા તા.૨૯–૩–૧૦ ની અરજી બાબતે અપીલ હોય તો તેની મુળ અરજીની નકલ પણ વિલંબિત અપીલના વાજબીપણા સહિત રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૧૭ તા.૨૫–૧૦–૧૦ થી પૂરક વિગતોમાં અત્રેના વિભાગને અરજદારની તા.૨૯–૩–૧૦ ની મુળ અરજીની નકલ, ગણેશનગર સોસા.ના પ્રપોઝ લે આઉટ પ્લાનની નકલ, ગ્રામ પંચાયત ડીંડોલીના ૧૦–૯–૧૯૭૫ ગણેશનગરના લે આઉટ પ્લાનની નકલ, નોંધ વિભાગ, અરજદારને આઈ ડી નં.૫૩૭ તા.૨૯–૩–૧૦ ની અરજી બાબતે આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૪ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ, તા.૯–૯–૧૦ ની મુળ અરજીની નકલ, સદર અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૩૦ તા.૪–૧૦–૧૦ ના પત્રની નકલ તથા તે યુપીસી કર્યા અંગેના પુરાવાની રસીદ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે મુળ અરજીની નકલ અને કઈ તારીખની અરજી અંગે અપીલ કરેલ છે તે બાબતની સ્પષ્ટતા અને વિલંબિત અપીલનું વાજબીપણું અપીલમાં રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અરજદાર તરફથી પણ અપીલ તબકકે રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નારાજગી અંગે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી મુખ્ય મંત્રીશ્રીને ઉદ્દેશીને આપેલ નકલ ગણેશ નગરની તા.૨૭–૯–૧૦ ના પત્રની નકલ સાથેનો પત્ર ક્રમાંક સી.એમ/૧૬૦૯/પી તા.૬–૧૦–૧૦ થી કાર્યવાહી અર્થે સુરત મહાનગરપાલિકાને મળેલ. જેમાં અરજદારે આઈ ડી નં.૫૩૭ તા.૨૯–૩–૧૦ ની અરજી બાબતે ખોટી માહિતી આપવા બાબતની રજૂઆત કરેલ છે. તથા તેની સાથે તા.૯–૯–૧૦ ના રોજ માહિતી માંગતી મુળ અરજીની નકલ રજૂ કરેલ છે. જેના સંદર્ભે અત્રેથી અપીલ અંગેની કાર્યવાહી અંગે તા.૨૯–૩–૧૦ અને તા.૯–૯–૧૦ ની અરજી સંદર્ભે અરજદાર અને જાહેર માહિતી અધિકારી પક્ષકારો પાસેથી વિગતો માંગવામાં આવેલ. જેમાં અરજદાર તરફથી કોઈ વિગતો રજૂ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારીએ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૧૭ તા.૨૫–૧૦–૧૦ થી પૂરક વિગતો મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૫૩૭/૦૯–૧૦ તા.૨૩–૯–૧૦ ની અરજીથી અરજદારે જાહેર માહિતી અધિકારી લીંબાયત માહિતી માંગતી અરજી કરેલ. જેમાં અરજદારે પ્લોટ નં૧૦૭ નં.૨૬બી–૩૧–૫૦૭૧–૦–૦૦૧ કોના નામ ઉપર છે તથા બાંધકામ કરેલ છે કે ઓપન પ્લોટ છે . જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૦૪ તા.૮–૪–૧૦ થી ઉપલબ્ધ રેકર્ડ મુજબ માંગેલ માહિતી "પ્લોટ નં.૧૦૭ નં.૨૬બી–૩૧–૫૦૭૧–૦–૦૦૧ માં કબ્જેદાર તરીકે રેખાદેવી ભોલાપ્રસાદ પાંડે છે એ પ્લોટ ઉપર બાંધકામ થયેલ છે તેમજ પ્લોટ નં. ૧૨૪ ટેના નં.૨૬બી–૩૧–૬૧૧૫–૦–૦૦૧ ના કબ્જેદાર તરીકે મીરા ધોન્ડુદાસ બોકડે છે એ પ્લોટ ઉપર પણ બાંધકામ કરેલ છે જે લીંબાયતઝોનના આકારણી દફતરે દાખલ છે " એવી માહિતી પૂરી પાડેલ છે. જે બાબતે

અરજદારે ખોટી માહિતી પૂરી પાડયાનું અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ માહિતી પૂરી પાડેલ નથી.જે બાબતે જાહેર માહિતી અધિકારીએ પૂરક માહિતીમાં પણ " અરજદારે મુળ અરજીમાં ગણેશનગરના પ્લોટ નં.૧૦૭ તથા ૧૨૪ ની આકારણી કોણે કરેલ છે તેવી માહિતી માંગેલ નથી પરંતુ તા.૧૧–૧૦–૧૦ ના રોજ અપીલ કરેલ છે તેમાં આ બે પ્લોટના આકારણી કરનાર કર્મચારીનું નામ માંગેલ છે જે અંગેની માહિતી અરજદારને અપીલ તબકકે કર્મચારીનું નામ શ્રી ગુલાબ કે. પટેલ છે તેવું જણાવવામાં આવેલ છે. વધુમાં ગણેશનગરના પ્લોટ નં.૧૦૭ અને ૧૨૪ ની આકારણી બાબતે ખુલ્લી જમીન છે કે વસવાટ છે તેવા પ્રશ્ન ઝોન કચેરીએથી આપવામાં આવેલી માહિતી દફતરે રેકર્ડ મુજબ તદ્દન સાચી છે અને તે બાબતે તમોને વારંવાર આકારણી વિભાગે રૂબરૂમાં દફતરી ઈન્સ્પેકશન કરાવેલ છે. આમ છતાં તમો ઈચ્છો તો વધુ એક વાર રૂબરૂ આવી ઝોનના આકારણી વિભાગના સેકશન ઓફિસર/સર્વેયરને રૂબરૂ મળી ઝોન કચેરીના કામ કાજના દિવસો દરમ્યાન સાંજે ૪ થી ૬ કલાકના સમય દરમ્યાન દફતરી ઈન્સ્પેકશન કરી શકો છો તેવું જણાવવામાં આવેલ છે.

અરજદારની તા.૯–૯–૧૦ ની અરજીથી ગણેશનગરમાં આવેલ ટાવર તથા હેડલાઈન નીચે કેટલા મકાન કપાતમાં આવે છે તે નંબર સાથે માહિતી માંગતી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૫૩૦ તા.૪–૧૦–૧૦ થી " ટાવર બી.આર.સી. લો નં.૧૧૦ તેમજ ટાવર હેડ લાઈન નીચે કેટલા મકાન કપાતમાં છે? જે વિગતો અધૂરી અને અસ્પષ્ટ જણાય છે. વધુમાં ગણેશનગરનું સ્પષ્ટ લોકેશન ટીપી સ્કીમ/ફા.પ્લોટ જણાવ્યેથી તેમજ મંજુર પ્લાન રજૂ કર્યેથી સચોટ માહિતી ઝોનના શહેર વિકાસ વિભાગમાંથી ઉપલબ્ધ કરી શકાશે તેવું જણાવેલ છે. વધુમાં તે અંગે ડે.ઈજનેર/જુની. ઈજનેર શહેર વિકાસ વિભાગ કચેરીમાં ઝોન કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સાંજે ૪ થી ૬ કલાકના સમય દરમ્યાન રૂબરૂ મળી દફતરી ઈન્સ્પેકશન કરી માહિતી મેળવી શકો છો. તેવું પૂરક માહિતીમાં જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી બંને અરજીઓ સંદર્ભે ઈન્સ્પેકશન આપવાની તૈયારી દર્શાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૯–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે તથા અરજદારની તા.૯–૯–૧૦ ની અરજી બાબતે ગણેશનગરનું લોકેશન ટીપી સ્કીમ/ફાયનલ પ્લોટ તેમજ મંજુર કરેલ પ્લાનની સચોટ માહિતી તેમજ બી.આર.સી. અંગે સ્પષ્ટ માહિતી પૂરી પાડયેથી જાહેર માહિતી અધિકારી માહિતી આપવાની તૈયારી દર્શાવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો બંને અરજીઓની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ધોન્ડુરામ શ્રાવણ બોકડે,